Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue : 8 • Date : 13-07-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# યમુનાની સપાટી વધીને ૨૦૭.૫૫ મીટર થતા ૪૫ વર્ષના રેકોર્ડ તોડ્યો

## દિલ્હીમાં પૂરનો મોટો ખતરો, લોકોને પ્રભાવિત વિસ્તારોથી દૂર રહેવા સુચના



નવી દિલ્હી

દિલ્હીમાં યમુના વધીને ૨૦૭.૫૫ મીટર થઈ જતા ૪૫ વર્ષના રેકોર્ડને તોડ્યો હતો. યમુનાના વધતા જળ સ્તરને જોતા સીએમ અરવિંદ કેજરીવાલે ઈમરજન્સી બેઠક બોલાવી છે જેમા તમામ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓને હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી. આ બેઠક દિલ્હી સચિવાલયમાં યોજાઈ.

દિલ્હીમાં છેલ્લા કેટલાય દિવસથી પડેલા ભારે વરસાદને પગલે વરસાદી પાણી ભરાવાની સમસ્યા બની છે ત્યારે હવે યમુનાના જળસ્તરમાં વધારો થવાને કારણે અહીંના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આવી સ્થિતિમાં પૂરનું જોખમ વધુ વધી શકે છે. દિલ્હીમાં યમુના નદીનું જળસ્તરે આજે ૨૦૭.૫૫ મીટર થઈ જતા ૪૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. ૬ સપ્ટેમ્બર ૧૯૭૮ના રોજ યમુનાનું મહત્તમ પૂરનું સ્તર ૨૦૭.૪૯ મીટર નોંધાયું હતું. દિલ્હીમાં અનેક રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ઘૂસી ગયા છે.

સ્થિતિ વણસતી જોતા દિલ્હી પોલીસે લોકોને પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી દૂર રાખવા માટે કલમ ૧૪૪ લાગુ કરી છે. દિલ્હીમાં યમુનાનું જળ સ્તર સતત વધતા આજે ૪૫ વર્ષના રેકોર્ડને તોડી નાખ્યુ છે જેના પગલે દિલ્હીના અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે ત્યારે હવે દિલ્હીના રસ્તાઓ પર પાણી ફરી વળતા સ્વિમિંગ પુલ બની ગયા હતા. રસ્તાઓ પર પાણી ભરાય જતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. યમુના નદીનું જળસ્તર વધવાને કારણે હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. દિલ્હી સરકાર એલર્ટ મોડ પર કામ કરી રહી છે. આ સાથે જ હવે યમુનાનું પાણી નોઈડા-દિલ્હી લિંક રોડ સુધી પહોંચી ગયું છે. કાશ્મીરી ગેટના મોન્સ્ટી માર્કેટ, રિંગ રોડ, યમુના ઘાટ, યમુના બજાર વિસ્તારમાં પૂરના પાણી પહોંચી ગયા છે. અહીં શેરીઓમાં પાણી વહી ફરી વળ્યા છે. યમુના નદીનું પાણી કાશ્મીરી ગેટ સ્થિત ગૌશાળામાં પ્રવેશ્યું છે. આઈટીઓખાતે છઠ ઘાટ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો છે. યમુના નદીને અડીને આવેલા વિસ્તારો ખૂબ જ સંવેદનશીલ છે. આ વિસ્તારોમાં લગભગ ૪૧ હજાર લોકો રહે છે. આ વચ્ચે કેટલાક લોકો દિલ્હીના સૌથી વીઆઈપીએરિયા સાઉથ એવન્યુમાં વરસાદની મજા માણી હતી. સીએમ અરવિંદ કેજરીવાલનું કહેવું છે કે તેઓ સેન્ટ્રલ વોટર કમિશનના સંપર્કમાં છે અને એવી અપેક્ષા છે કે પૂર જેવી સ્થિતિ ઊભી નહીં થાય. આ સમય એકબીજા સામે આંગળી ચીંધવાનો નથી. લોકોને રાહત આપવા માટે તમામ રાજ્યોની સરકારે સાથે મળીને કામ કરવાની જરૂર છે. આ સિવાય દિલ્હીના પીડબલ્યુડીમંત્રી આતિશીએ કહ્યું હતું કે દિલ્હીમાં યમુનાનું જળ સ્તર ખતરાના નિશાન પર પહોંચી જશે.

### આઈટી સેક્ટરમાં વેચવાલીને કારણે સ્થાનિક શેરબજારો તૂટ્યા

# સેન્સેક્સમાં ૨૨૪, નિફ્ટીમાં ૫૫ પોઈન્ટનો કડાકો જોવાયો



મુંબઈ

આઈટી સેક્ટરમાં વેચવાલીને કારણે સ્થાનિક શેરબજારો આજે ઘટાડા સાથે બંધ થયા છે. બીએસઈસેન્સેક્સ ૨૨૩.૯૪ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૬૫,૩૯૩.૯૦ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનિફ્ટી ૫૫.૧૦ એટલે કે ૦.૨૮ ટકાના ઘટાડા સાથે ૧૯,૩૮૪.૩૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. નિફ્ટી પર ઓએનજીસીનો શેર મહત્તમ નુકસાન સાથે બંધ રહ્યો હતો. ટાટા મોટર્સ, ઈન્ફોસિસ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં આજે સેન્સેક્સ પર એક ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. એ જ રીતે એનટીપીસી, ઈન્ડસઈન્ડ બેંક, લાર્સન એન્ડ ટુબ્રો, એચસીએલ ટેક, પાવરગ્રીડ, મારુતિ અને એચડીએફસીના શેર ૦.૫૦ ટકાથી વધુ ઘટીને બંધ થયા છે. આ સિવાય ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, ટીસીએસ, એક્સિસ બેંક, હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ અને આઈસીઆઈસીઆઈબેંક લાલ નિશાન સાથે બંધ થયા છે.

કોટક મહિન્દ્રા બેંક, એશિયન પેઈન્ટ્સ, સન ફાર્મા, નેસ્લે ઈન્ડિયા, ટાઈટન અને એસબીઆઈના શેર સેન્સેક્સ પણ વધારા સાથે બંધ થયા હતા. સેક્ટોરલ ઈન્ડાયસિસની વાત કરીએ તો આઈટી સિવાય બેંકિંગ સેક્ટરના શેરમાં વેચવાલી જોવા મળી હતી. જોકે પીએસયુ બેંક અને ફાર્મા સેક્ટરના શેરમાં ખરીદી જોવા મળી હતી. બીએસઈમિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૫-૦.૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

### ગૌતમ અદાણીની નવી યોજના

# અનિલ અંબાણીના દેવાળિયા પાવર પ્લાન્ટ્સ પર નજર






નવી દિલ્હી

અદાણી ગ્રૂપના વડા ગૌતમ અદાણી પોતાના દરેક બિઝનેસને વિસ્તારી રહ્યા છે. હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટના કારણે અદાણી જૂથને પ્રચંડ આંચકો લાગ્યો હતો, પરંતુ હવે તેમાંથી તેઓ ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. અબજો ડોલરની સંપત્તિના માલિક ગૌતમ અદાણી હવે દેવામાં ડુબેલા અનિલ અંબાણીના પાવર પ્લાન્ટ્સને ખરીદવાનું વિચારે છે.

અનિલ અંબાણીના કોલસા આધારિત પાવર પ્લાન્ટ્સની હરાજી થવાની છે જેમાં ગૌતમ અદાણી બોલી લગાવી શકે છે. અનિલ અંબાણીની કંપનીઓ દેવું ભરવામાં નિષ્ફળ રહેતા ઈન્ડિયન બેંકરપ્સી કોર્ટ દ્વારા તેની હરાજી કરવામાં આવશે. અદાણી જૂથે તાજેતરમાં ૨.૮ અબજ ડોલરની નવી મૂડી એકઠી કરી છે. અદાણીને વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ પાવર લિમિટેડની ખરીદીમાં રસ છે જેની પ્રમોટર તરીકે અનિલ અંબાણીની કંપની રિલાયન્સ પાવર છે. વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝ મધ્ય ભારતમાં ૬૦૦ મેગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા ધરાવતા પ્લાન્ટ ધરાવે છે. હાલમાં આ યોજના પર વાતચીત ચાલે છે તેથી આગળ શું થશે તે નક્કી નથી. અદાણી અને રિલાયન્સ પાવર આ પ્લાનમાં આગળ ન વધે તે પણ શક્ય છે. અદાણી ગ્રૂપ હાલમાં પોતાના મુખ્ય ફોસિલ ફ્યુઅલ પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારી કરે છે. તેઓ અદાણી કેપિટલમાં કન્ટ્રોલિંગ હિસ્સો વેચીને પણ ફંડ એકઠું કરવા વિચારે છે. બેન કેપિટલ અને કાર્લાઈલ ગ્રૂપે આ હિસ્સેદારી ખરીદવામાં રસ દેખાડ્યો છે. અદાણી જૂથની યોજનાઓ વિશે મીડિયામાં અહેવાલ આવી રહ્યા છે પરંતુ તેની પુષ્ટી થઈ નથી. આ વિશે અદાણી જૂથ કે રિલાયન્સ દ્વારા કોઈ સ્પષ્ટતા અથવા નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. અદાણી જૂથ જો અનિલ અંબાણીના પાવર પ્લાન્ટ ખરીદી શકશે તો તેની કોલ પાવર પ્રોજેક્ટની કેપેસિટી વધી જશે. સાથે સાથે ગ્રૂપના બિઝનેસ પર તે એક પોઝિટિવ અસર પણ પાડશે. હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટ પછી ફેબ્રુઆરી ૨૦૨૩ મહિનામાં અદાણી જૂથને મોટી અસર થઈ હતી અને તેની માર્કેટ વેલ્યૂ ૧૫૦ અબજ ડોલર સુધી ઘટી ગઈ હતી. અનિલ અંબાણી દ્વારા વિદર્ભ ઈન્ડસ્ટ્રીઝની લીલામી કરવામાં આવશે તો તેમને મોટો ફટકો પડશે.

## તંત્રીની કલમે.................

# બંગાળની બદકિસ્મત

બંગાળમાં જો ચૂંટણી કોઈપણ હિંસા વગર પૂરી થઈ જાય તો અચરજ જ થાય. બંગાળની પંચાયત ચૂંટણીમાં મતદાનના દિવસે જેવી ભીષણ હિંસા થઈ, તેનાથી આ રાજ્યને જ નહીં, બલ્કે દેશ માટે પણ નીચાજોણું થયું. એ ક્ષોભની વાત છે કે પંચાયત ચૂંટણીમાં વ્યાપક હિંસાની આશંકા બાદ પણ તેને રોકી ન શકાઈ. રાજ્ય ચૂંટણી પંચ ભલે ગમે તે દાવા કરે, તે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવવામાં ભયંકર રીતે નિષ્ફળ રહ્યું. આજના ભારતમાં એ અકલ્પનીય છે કે બેલેટ પેપર લૂંટવામાં આવે, જબરદસ્તી મતદાન કરાવવામાં આવે, ઉપદ્રવી તત્ત્વો મતપેટીઓ લઈને ભાગી જાય અને તેમને તળાવ, નાળાંમાં ફેંકી દે કે પછી આગ ચાંપી દે. બંગાળમાં માત્ર આટલું જ નથી થયું, મતદાન સ્થળો પર ખુલ્લેઆમ બોમ્બ અને ગોળીઓ ચાલી છે અને વિરોધ પક્ષોના કાર્યકર્તાઓ અને ઉમેદવારો પર પ્રાણઘાતક હુમલા પણ કરવામાં આવ્યા. ચૂંટણી હિંસામાં મરનારાઓનો સત્તાવાર આંકડો ગમે તે કહેવામાં આવે, આ હિંસામાં લગભગ એક ડઝનથી વધારે લોકો માર્યા ગયા હોવાનો અંદેશો છે. ચૂંટણી હિંસામાં મરનારાઓમાં તમામ પક્ષોના લોકો છે, તેથી એ સ્પષ્ટ છે કે હિંસાનો જવાબ હિંસાથી આપવામાં આવી રહ્યો છે. આવું ત્યારે જ થાય છે, જ્યારે હિંસા રાજકીય સંસ્કૃતિનો હિસ્સો બની જાય છે.

બંગાળમાં દરેક સ્તરની ચૂંટણીઓમાં જેવી હિંસા થાય છે, એવી એક સમયે દેશના અન્ય હિસ્સામાં પણ થતી હતી, પરંતુ હવે એ વીતેલી વાત થઈ ગઈ છે. એ પરિણામ પર પહોંચવા સિવાય કોઈ ઉપાય નથી રહ્યો કે રાજકીય અપસંસ્કૃતિને કારણે બંગાળ ચૂંટણી હિંસા મામલે આજે પણ ત્યાં જ ઊભું છે, જ્યાં તે ચાર-પાંચ દાયકા પહેલાં હતું. એ પણ સ્પષ્ટ છે કે પરિવર્તનના નારા સાથે બંગાળની સત્તામાં આવેલાં મમતા બેનર્જીએ રાજકીય વિરોધીઓને કચડી નાખવાની એ જ રીતભાતો અપનાવી લીધી છે, જે ડાબેરી પક્ષોએ અપનાવી હતી અને જેને કારણે તેઓ દેશભરમાં બદનામ હતા. બીકા દેશમાં તો ચૂંટણી હિંસા પર વિરામ મૂકાઈ ગયો, પરંતુ બંગાળ હજુ પણ તેનાથી અભિશપ્ત છે. એ ભૂલી ન શકાય કે પાછલી વિધાનસભા ચૂંટણી પહેલાં અને બાદમાં બંગાળમાં સત્તારૂઢ પક્ષના લોકો કઈ રીતે પોતાના ઉત્પાતથી વિરોધીઓને ડરાવ્યા હતા. મમતા સરકાર પંચાયત ચૂંટણીમાં થયેલ ભયાવહ હિંસાથી બચીન શકે. એ સત્તારૂઢ પક્ષનું જ દાયિત્વ હોય છે કે તે હિંસા રોકે. આશ્ચર્ય અને અફસોસની વાત એ છે કે કેન્દ્રીય દળોની તૈનાતી બાદ પણ બંગાળમાં ભારે હિંસા થઈ. આશ્ચર્ય નહીં કે મમતા સરકારે આ દલોનો યોગ્ય ઉપયોગ કરવામાં આનાકાની કરી હોય. જે પણ હોય, પંચાયતો પર કબ્જાની હોડ એટલા માટે પણ લોહિયાળ બની રહી છે, કારણ કે ગ્રામીણ વિકાસ માટે તેમાં સારાં એવાં નાણાં મળે છે અને એ કોઈથી છૂપું નથી કે વિકાસ કાર્યો માટે ફાળવાતાં નાણાંનો એક મોટો હિસ્સો કઈ રીતે ભ્રષ્ટ તત્ત્વોના ખિસ્સામાં ચાલ્યો જાય છે.

## ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંકની પ્રારંભિક જાહેર ઓફર ૧૨ જુલાઈ, ૨૦૨૨ના રોજ ખુલશે, જે ઈક્વિટી શેર દીઠ Rs ૨૩ થી Rs ૨૫ પર પ્રાઈસ બેન્ડ સેટ કરે છે

અમદાવાદવારાણસી સ્થિત ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ("બેંક") એ બુધવારે ઈજ ૫,૦૦૦ મિલિયન ("ઈશ્યૂ") સુધીની કુલ સંખ્યાના ઈક્વિટી શેરના તાજા ઈશ્યૂનો સમાવેશ કરતી તેની પ્રારંભિક જાહેર ઓફર ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. , ૧૨ જુલાઈ, ૨૦૨૩. બિડ/ઈશ્યૂની અંતિમ તારીખ શુક્રવાર, ૧૪ જુલાઈ, ૨૦૨૩ હશે. એંકર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ બિડ/ઈશ્યૂ ખોલવાની તારીખ પહેલાંનો એક કાર્યકારી દિવસ છે, એટલે કે મંગળવાર, ૧૧ જુલાઈ, ૨૦૨૩.

બેંકે નાણાકીય ૨૦૧૯ અને નાણાકીય ૨૦૨૩ વચ્ચે સ્મોલ ફાઈનાન્સ બેંકો ("SFB") વચ્ચે ત્રીજા સૌથી ઝડપી ગ્રોસ લોન પોર્ટફોલિયો વૃદ્ધિ નોંધાવી છે. બેંકે ઈશ્યૂ માટે ઈક્વિટી શેર દીઠ ઈજ ૨૩ થી ઈજ ૨૫નો પ્રાઈસ બેન્ડ નક્કી કર્યો છે. બિડ ઓછામાં ઓછા ૬૦૦ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૬૦૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે.

ઉત્કર્ષ કોરઈન્વેસ્ટ લિમિટેડ દ્વારા બેંકને પ્રમોટ કરવામાં આવે છે, જેણે નાણાકીય ૨૦10 માં **NBFC** તરીકે તેની કામગીરી શરૂ કરી હતી અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર રાજ્યોમાં બિનસલાહિત અને અન્ડરસર્વ્ડ સેગમેન્ટ્સને માઈક્રોફાઈનાન્સ પ્રદાન કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ઉત્કર્ષ કોરઈન્વેસ્ટ લિમિટેડને ૭ ઓક્ટોબર, ૨૦૧૫ના રોજ એક **SFB**ની સ્થાપના કરવા માટે **RBI**ની સૈદ્ધાંતિક મંજૂરી મળી, જેના પગલે તેણે ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડને ૩૦ એપ્રિલ, ૨૦૧૬ના રોજ સંપૂર્ણ માલિકીની પેટાકંપની તરીકે સામેલ કરી.

### છોકરીને <u>Hi</u> કહેવાનું જોરદાર ભારે પડી ગયું

# રાજવી એમેરાલ્ડ ખાતે પીજી તરીકે રહેતા યુવકોને રહીશોએ માર માર્યો

અમદાવાદ

શહેરના દક્ષિણ બોપલમાં આવેલી રાજવી એમેરાલ્ડ સોસાયટીમાં આવેલા બંગલામાં પેઈંગ ગેસ્ટ તરીકે કેટલાક શખસોને સ્થાનિકોએ માર મારતા હોબાળો મચી ગયો. ઘટનાની વિગતો પર નજર કરીએ તો એક શખસે યુવતીને ઈન્સ્ટાગ્રામ પર **Hi**નો મેસેજ મોકલ્યો હતો. યુવતી સોસાયટીની જ હોવાથી ત્યાંના રહીશો બંગલે પહોંચી ગયા હતા અને યુવકોને મારવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, સોસાયટીના સભ્યોએ યુવકોને રાતોરાત બંગલામાંથી બહાર જવાની ફરજ પાડી હતી. આ ઘટના ૫ જુલાઈના રોજ બની હતી પરંતુ બોપલ પોલીસને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હોવા છતાં કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી. હાલ યુવકો પીજી આવાસમાંથી પણ નીકળી ગયા છે. બોપલ પોલીસ સ્ટેશનના નિરીક્ષક એ.પી. ચૌધરીએ જણાવ્યું હતું કે, કોઈએ કંટ્રોલ રૂમમાં ફોન કર્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હોવા છતાં આ મામલે કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

બંગલામાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા એક છોકરા અક્ષય પટેલે અમદાવાદ મિરરને જણાવ્યું કે, આ ઘટના ૫ જુલાઈના રોજ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે રહેવાસીઓ બંગલામાં ઘૂસી ગયા હતા અને યુવકને માર મારવાનું શરૂ કર્યું હતું. તેઓ ગુસ્સે થયા હતા કારણ કે પીજી નિવાસીઓમાંથી એકે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સોસાયટીમાં રહેતી એક સગીર છોકરીને કથિત રીતે મેસેજ કર્યો હતો. પટેલે જણાવ્યું હતું કે, સોસાયટીના સભ્યોએ આ મામલે મધ્યસ્થી કરવા આવેલા છોકરાઓને માર માર્યો હતો. તેણે કહ્યું કે તેને નજીકની હોટેલમાં જવું પડ્યું જ્યારે અન્યને અલગ પીજી સુવિધામાં શિફ્ટ થવું પડ્યું.

પટેલ સુરતનો વતની છે અને તેણે ઘટના સમયે સોસાયટીના એક સભ્ય દ્વારા થપ્પડ મારવામાં આવી હોવાનો દાવો કર્યો હતો. નોંધનીય છે કે, શહેર સ્થિત એક પીજી ફર્મ છોકરાઓ માટે પીજી સુવિધા તરીકે બંગલો ભાડે આપી રહી હતી. પીજી માલિકે નામ ન જણાવાની શરતે જણાવ્યું કે, 'ઘટના બની પરંતુ કોઈએ ફરિયાદ નોંધાવી નથી. છોકરાએ આવું કામ ન કરવું જોઈતું હતું અને તેનાથી સોસાયટીના સભ્યો નારાજ થયા હતા. મેં પણ બંગલો છોડી દીધો છે અને મામલો સમાપ્ત થઈ ગયો છે કારણ કે સગીર છોકરીના પિતાએ પણ ફરિયાદ નોંધાવી નથી.

### વહુ સાથે સૂઈ જતી સાસુનો ત્રાસ

# પતિ સાથે સૂવું હોય તો તારા બાપને કે નવું મકાન લઈ આપે

## પતિ બહાર નોકરી કરતો હોવાથી સાસુ વહુ સાથે સૂઈ જતી હતી અને જ્યારે પતિ ઘરે આવે ત્યારે પણ સાસુ વહુ સાથે જ સૂતી હતી

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી સાસુ અને વહુનો એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદમાં રહેતી વહુ નવી પરણીને પોતાની સાસરીમાં ગઈ હતી. પરંતુ તેની સાસુ દ્વારા ત્રાસ આપવાની ઘટના સામે આવી છે. સાસુ પોતાની વહુ સાથે સૂઈ જતી અને દીકરાને વહુ સાથે સૂવા દેતી નહીં. સાસુ એવા પણ ટોણાં મારતી હતી કે, જો તારા પતિ સાથે અલગ સૂવું હોય તો તારા બાપને કેજે નવું મકાન લાવી આપે. સાસુના આવા મેણાં ટોણાંથી કંટાળીને આખરે વહુએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વહુનો એવો પણ આરોપ છે કે, તેની સાસુએ કપડાંને આગ લગાવી હતી અને પછી તેનો આરોપ તેના પર પર મૂક્યો હતો. ત્યારે આ ફરિયાદ બાદ મહિલા પોલીસે પણ આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વિગતો એવી છે કે, અમરાઈવાડી વિસ્તારમાં રહેતી એક ૩૪ વર્ષીય યુવતીને લગ્ન કરવા જાણે કે ભારે પડી ગયા હોય એવું લાગે છે. તેણે બે વર્ષ પહેલાં લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા બાદ તે સાસરીમાં રહેવા માટે આવી હતી. તેનો પતિ એક કંપનીમાં એચઆર મેનેજર તરીકે કામ કરતો હતો. મહિલાનો આરોપ છે કે, તેના લગ્નના પંદર દિવસ પહેલાં સાસરી પક્ષના લોકોએ ૧૦ લાખ રુપિયા અને દાગીના માગ્યા હતા. એટલું જ નહીં લગ્ન કરીને તે સાસરીમાં ગઈ એના ચાર જ દિવસમાં પતિ નોકરી માટે ઈન્દોર જતો રહ્યો હતો. આ સમયગાળા દરમિયાન સાસુ તેની સાથે સૂઈ જતી હતી. જ્યારે પતિ પરત આવે ત્યારે પણ સાસુ આવું જ કરતી અને વહુ સાથે સૂઈ જતી. પોતાના દીકરીને વહુ સાથે સૂવા દેતી નહીં. જ્યારે આ અંગે રજૂઆત કરી તો સાસુએ એવું કહ્યું કે, પતિ જોડે અલગ સૂવું હોય તો તારા બાપને કહેજે કે મકાન લાવી આપે. મહિલાનો એવો પણ આરોપ છે કે, તેની સાસુ એક દિવસ જૂનું જમવાનું આપતી હતી. એક દિવસ સાસુએ કપડાંને આગ લગાવીને વહુ પર આરોપ મૂકીને ઘરમાંથી કાઢી મૂકવાનું કહ્યું હતુ અને ત્રાસ આપ્યો હતો. આખરે સાસુના આવા ભયંકર ત્રાસ અને મેણાં ટોણાંથી કંટાળીને વહુએ પૂર્વ મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાની ફરિયાદ નોંધાવી હતી. મહિલા પોલીસે પણ આ મામલે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરના કાલાવડ શહેરની ફલકૂડી નદીમાં ઘોડાપૂરની સ્થિતિ

ગાંધીનગર

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. જેના પગલે રાજયના અનેક વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાયા છે.

તો જળાશયોમાં પાણીની આવકમાં વધારો થયો છે. જામનગરમાંના કાલાવડ શહેરની સ્થાનિક ફલકૂડી નદીમાં ઘોડાપૂર આવ્યુ છે. કાલાવડના ગ્રામ્ય વિસ્તારોમાં ૨ થી ૫ ઈંચ વરસાદ વરસ્યો છે. ઉપરવાસમાં ધોધમાર વરસાદ પડતા નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે. સનાળા, સરવાણીયા, જાલણસર, જામવાડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે.

### અમદાવાદ પરિણીતાની વ્યથા

# પતિ મોબાઈલમાં પોર્ન બતાવી તે પ્રમાણે કરવાનું કહેતા

## પરિણીતાનો આક્ષેપ છે કે, તેના પતિ દારૂ પીવાની ટેવ વાળા હોવાથી અવાર નવાર દારૂ પીને મારઝૂડ કરતો હતો

અમદાવાદ

દહેજમાં ૫ લાખ રુપિયા લઈ આવવા દબાણ કરીને સાસરિયાએ પરિણીતાને ત્રાસ આપ્યો. જ્યારે તેનો પતિ તેને મોબાઈલમાં પોર્ન ફિલ્મ બતાવી તે પ્રમાણે શરીર સંબંધ બાંધવા કહેતો હતો. તબિયત સારી ના હોય તો પણ શરીર સંબંધ બાધંવા માટે કહીને તેને હેરાન કરતો હતો. જો પરિણીતા ના પાડે તો તેની સાથે મારઝૂડ કરતા હતાં. જોકે તેના સસરા પણ અવાર નવાર શારીરિક છેડછાડ કરતાં હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. શહેરમાં નરોડા વિસ્તારમાં રહેતી પરિણીતાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધવી છે કે, લગ્ન બાદ તેના માતા પિતાએ યથાશક્તિ પ્રમાણે કરિયાવર આપ્યું હતું. જેમાં સોના ચાંદીના દાગીના, કપડા અને અન્ય ઘરવખરીનો સામાન આવ્યો હતો. લગ્ન બાદ તેઓ સંયુક્ત પરિવારમાં રહેતા હતાં. શરૂઆતના ૧૫ દિવસ સુધી તેને સારી રીતે રાખવામાં આવી હતી. બાદમાં તેના પતિ અને સાસરિયા દહેજમાં કાંઈ લાવી નથી તેમ કહીને અવાર નવાર મેણા ટોણા મારતા હતાં. નાની બાબતોમાં ઝઘડા તકરાર કરતાં હતાં. એટલું જ નહીં અમારા મોભા મુજબ દહેજ આપ્યું નથી, જેથી તારે તારા પિયરમાંથી પાંચ લાખ રૂપિયા લાવવા પડશે, નહીતર તારે ઘરમાં નોકરાણીની જેમ જ રહેવું પડશે, તેમ કહી આખા ઘરનું કામ કરાવતા હતાં. પરિણીતાનો આક્ષેપ છે કે, તેના પતિ દારૂ પીવાની ટેવ વાળા હોવાથી અવાર નવાર દારૂ પીને મારઝૂડ કરતો હતો. તેમજ મોબાઈલમાં પોર્ન ફિલ્મ બતાવી તે પ્રમાણે શરીર સંબંધ બાંધવા કહેતો હતો. તબિયત સારી ના હોય તો પણ શરીર સંબંધ બાંધવા માટે કહેતા હતાં. જો પરિણીતા ના પાડે તો તેની સાથે મારઝૂડ કરતા હતાં. જોકે તેના સસરા પણ અવાર નવાર શારીરિક છેડછાડ કરતાં હોવાનો આરોપ લગાવ્યો છે. જો પરિણીતા આ બાબતની જાણ તેના પતિ - સાસુ કે નણંદ ને કરે તો તેઓ સસરાનું ઉપરાણું લેતા અને તારે દહેજ લાવવું નથી તેમ કહીને ખોટા આક્ષેપ કરતા હતાં. ઉત્તરાયણના દિવસે પરિણીતાના પતિ, સાસુ તથા નણંદ ધાબા પર હતાં ત્યારે તેના સસરા દારૂ પીધેલી હાલતમાં આવી પરિણીતા રસોઈ કરતી હતી ત્યાં આવીને તેને બાથ ભરી દીધી હતી. પરિણીતા ગભરાઈને ધાબા પર જઈને તેના પતિને વાત કરતાં તે ઉશ્કેરાઈ ગયો હતો. આટલું જ નહીં પરંતુ તેને માર માર્યો હતો. તેને ઘરમાંથી કાઢી મૂકી હતી. જે બાબતની જાણ પરિણીતાએ પોલીસને કરતાં પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# નવા નરોડામાં નરાધમે ૯ વર્ષના બાળકને હવસનો શિકાર બનાવ્યો

અમદાવાદ

નવા નરોડા વિસ્તારમાં ૯ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવાની ઘટના સામે આવી છે. બાળકને લલચાવી તેના પર આ કૃત્ય કરવામાં આવ્યું હતું. જોકે પરિવારને જાણ થતાં કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે.

અમદાવાદના નવા નરોડા વિસ્તારમાં રહેતો એક નરાધમે તેની જ સોસાયટીમાં રહેતા એક બાળકને પોતાની હવસનો શિકાર બનાવ્યો છે. શહેરના કૃષ્ણનગર પોલીસ મથક વિસ્તારમાં આવતા નવા નરોડાની પાર્શ્વનાથ સોસાયટીમાં રહેતા એક પરિવારે પોતાના ૯ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય થયું હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ફરિયાદીની જ સોસાયટીમાં રહેતા યોગેશ ઉર્ફે યોગો સોલંકીની ધરપકડ કરી છે.

આરોપી યોગેશ સોલંકીની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે ગઈકાલે સવારે જ્યારે બાળક તેના ઘરેથી રમવા બહાર નીકળ્યું ત્યારે આરોપી યોગેશએ બાળકને તેના અન્ય મિત્રો મારા ઘરે રમે છે અને તેને ચોકલેટ આપુ તેવી લાલચ આપી બાળકને ધાબા પર લઈ ગયો હતો અને ત્યાં બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. જોકે સમગ્ર મામલે પરિવારને ખ્યાલ આવતા આરોપી યોગેશ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

હાલ તો પોલીસે ફરિયાદના આધારે આરોપી યોગેશ ઉર્ફે યોગો સોલંકીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ હવે એ પણ તપાસ કરી રહી છે કે અગાઉ આ આરોપી યોગેશે અન્ય કોઈ બાળક કે બાળકીને પોતાની હવસનો શિકાર બનાવ્યા છે કે કેમ?

### રાજુ પટેલનાં ચારેય સંતાનો ડૉક્ટર છે અને અમેરિકામાં રહે છે

# જે સ્કૂલમાં થયું જીવન ઘડતર તેનું ઋણ ચૂકવવા ડૉક્ટરે દાન કર્યા ૩ કરોડ



અમદાવાદ

કહેવાય છે કે, જે લોકો નિઃસ્વાર્થ ભાવે કોઈની મદદ કરે છે તેનું ભલું થાય છે. રસ્તે જતાં કોઈ જરૂરિયાતમંદની મદદ કરવાની હોય કે મુશ્કેલીમાં સપડાયેલા કોઈ વ્યક્તિને બહાર કાઢવા માટે રસ્તો શોધવાનો હોય, હરહંમેશ લોકોની મદદ કરતાં હોય તેમને પણ સમય આવ્યે ફળ મળતું હોય છે. છેલ્લા પાંચ દશકાથી આશ્રમ રોડ પર ક્લિનિક ચલાવતા ૭૭ વર્ષીય યુરોલોજીસ્ટ પણ આવા જ એક સેવાભાવી વ્યક્તિ છે. સૌથી પ્રતિષ્ઠિત યુરોલોજીસ્ટ પૈકીના એક ડૉ. રાજુ પટેલ તેમની નિપુણતા અને દર્દીઓ પ્રત્યેના તેમના લાગણીશીલ સ્વભાવને લીધે તો જાણીતા છે જ, ઉપરાંત તેમની દાનવીરતા માટે પણ ઓળખાય છે. બી.જે. મેડિકલ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. રાજુ પટેલ જીવનમાં તેમને મહત્વના પાઠ ભણાવનારી અને કરિયરને આકાર આપનારી સંસ્થાઓમાં ઉદાર દિલે દાન કરતા રહે છે. ઘણાં લોકો એવા હોય છે જે જીવન ઘડતરમાં ફાળો આપનારાઓનું ઋણ ભૂલી જાય છે પરંતુ ડૉ. રાજુ પટેલ એમાંના નથી. હાલમાં જ તેમણે વતન વિજાપુરમાં આવેલી પ્રાથમિક શાળાના પુનઃનિર્માણ માટે ૩ કરોડ રૂપિયાનું દાન કર્યું છે. આ શાળામાં તેમણે પાંચમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ઉપરાંત ગુલબાઈ ટેકરામાં આવેલી કે.પી. હોસ્ટેલને પણ ફરી બંધાવવા માટે ૯ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. આ હોસ્ટેલમાં ડૉ. રાજુ પટેલ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા ત્યારે રહેતા હતા. મા-બાપનો ફાળો આપણા જીવનમાં સૌથી મોટો હોય છે. તેમનું ઋણ કદી ચૂકવી શકાય તેમ નથી હોતું. ત્યારે ડૉ. રાજુ પટેલ પોતાના પિતાના માનમાં તેમની અટક માવાવાળા લખાવે છે. ડૉ. રાજુ પટેલના પિતા ચતુરભાઈ વિજાપુર તાલુકાના મહાદેવપુરા (ગવાડા) ગામમાં ડેરી ચલાવતા હતા. ૧૯૬૨થી ૧૯૬૪ દરમિયાન ડૉ. રાજુ પટેલે અમદાવાદની એમ.જી. સાયન્સમાંથી પ્રી-સાયન્સની ડિગ્રી (હાલના ધોરણ ૧૧-૧૨ને સમકક્ષ) મેળવી હતી. આ સમયગાળામાં તેઓ કે.પી. હોસ્ટેલમાં રહ્યા હતા. ૧૯૭૦માં ડૉ. રાજુ પટેલે બી.જે. મેડિકલ કોલેજમાંથી અંડરગ્રેજ્યુએટની ડિગ્રી લીધી હતી. જે બાદ તેમણે યુરોલોજીમાં સ્પેશિયલાઈઝેશન કરવા માટે ન્યૂયોર્ક મેડિકલ કોલેજમાં એડમિશન લીધું હતું. ૧૯૭૫થી ૧૯૮૦ દરમિયાન તેમણે સેન્ટ લ્યૂક હોસ્પિટલમાં તાલીમ લીધી હતી. સાથે જ અમેરિકન બોર્ડ ઓફ યુરોલોજીના ડિપ્લોમેટ તરીકેના સર્ટિફિકેશનની તૈયારી પણ કરી રહ્યા હતા.

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર એસટી-કાર ટકરાતાં બેનાં મોત

અમદાવાદ

ગુજરાતમાં અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હાઈવે પર બેફામ પણે ચાલતા વાહનો અકસ્માતો સર્જી રહ્યાં છે. ત્યારે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર કાર અને એસટી બસ વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાતાં બે લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. આ અકસ્માત એટલો ભયંકર હતો કે કારનું પડીકુ વળી ગયું છે. જ્યારે એસ.ટી. બસ ડિવાઈડર તોડીને હાઈવેની નીચે ઉતરી ગઈ હતી. આજે સવારે અહીંયા કાર અને એસટી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બંન્ને વાહનોને ભારે નુકશાન પહોંચ્યું હતું. કારમાં સવાર બે લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. જ્યારે એસટી ખાડામાં પડતા ઈમરજન્સી દરવાજા મારફતે મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ અકસ્માત ગ્રસ્ત કારમાંથી એલએલએ ગુજરાત લખેલી પ્લેટ પણ મળી આવી છે.અકસ્માતમા ૧૦થી વધુ વ્યકિતઓ ઈજાગ્રસ્ત થયા છે. જેમાં બે વ્યકિતઓ ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળે છે. અકસ્માતની જાણ થતાં જ ૧૦૮ની નડિયાદ, આણંદ, ઉત્તરસંડાની ૫ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે.

# કાપોદ્રામાં શો-રૂમમાંથી મોબાઈલ તથા લેપટોપની ચોરી કરનાર બે ઝડપાયા

સુરત

સુરતમાં ચોરીની ઘટનાઓ છાશવારે પ્રકાશમાં આવતી રહે છે ત્યારે વધુ એક ચોરીનો બનાવ કાપોદ્રા પોલીસ મથકની હદમાં સામે આવ્યો હતો. ગત ૭ જુલાઈના રોજ કાપોદ્રા મોતીનગર સોસાયટી પાસે આવેલા જીઓન એન્ટરપ્રાઈઝ નામના શો-રૂમમાં ચોરીની ઘટના બની હતી. અજાણ્યા તસ્કરો શો રૂમમાંથી ૮ લેપટોપ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨.૭૨ લાખની મત્તા ચોરી કરી ફરાર થયા હતા. આ મામલે શો રૂમ માલિકે કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન શો રૂમમાં લાગેલા સીસીટીવી કેમેરામાં તસ્કરો કેદ થઈ ગયા હતા. સીસીટીવીમાં ચોરો બાઈક પર આવી શો રૂમમાં ચોરી કરતા નજરે પડ્યા હતા. આ બનાવમાં કાપોદ્રા પોલીસે બાતમીના આધારે મૂળ રાજસ્થાનના વતની અને હાલમાં સુરતમાં રહેતા લક્ષ્મણ ઉર્ફે લખન છગનલાલ જાટ અને મુકેશભાઈ ઉર્ફે અજ્જુ ભેરુલાલ સાલ્વીને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલો તમામ મુદામાલ જપ્ત કર્યો હતો. આ દરમિયાન પોલીસે આરોપીઓની કડક પૂછપરછ કરતાં અન્ય ગુનાઓનો ભેદ પણ ઉકેલાયો હતો. પૂછપરછ દરમિયાન લક્ષ્મણ ઉર્ફે લખન છગનલાલ જાટે કાપોદ્રા અને સરથાણા વિસ્તારમાંથી કુલ બે બાઈક ચોરી કરીને પોતાના ઘરે સંતાડી રાખી હોવાની કબુલાત કરી હતી.

### ગુજરાતનાના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર

# ગુજરાતમાં રૂ. ૧૦ લાખની આરોગ્ય વીમા સહાયનો પ્રારંભ

## આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂ.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો



અમદાવાદ

તારીખ ૧૧ જુલાઈથી સમગ્ર રાજ્યના આયુષ્માન કાર્ડ ધારકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. હાલ રાજ્યના ૧.૭૯ કરોડ **PMJAY**-મા કાર્ડ ધારકોને આયુષ્માન કાર્ડ અંતર્ગત મળતી રૂ. ૫ લાખની આરોગ્ય વીમા કવચની સહાય રૂ. ૧૦ લાખ થઈ છે. આજે બજાજ ઈન્સોયરન્સ કંપનીના હોદ્દેદારોએ આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની ગાંધીનગર સ્થિત કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, કમિશ્નર શાહમીના હુસૈન, એન.એચ.એમ.ના ડાયરેક્ટર ડૉ. રેમ્યા મોહન અને આયુષ્માન યોજના સાથે સંકળાયેલા ડૉ. જૈન, ડૉ. આનંદ સહિતના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ શુભેચ્છા મુલાકાત બાદ મંત્રી ઋષિકેશ પટેલે વિધિવત રીતે આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂ.૧૦ લાખની વીમા સહાયનો શુભારંભ કરાવ્યો હતો. રૂ.૧૦ લાખની આરોગ્ય વીમા સહાયથી હૃદય, કિડની, લીવર, ગર્ભાશય જેવા ટ્રાન્સપ્લાન્ટની સાથે સાથે કોક્લિયર ઈમ્પાન્ટ સહિતની અન્ય જટીલ પ્રકારની સર્જરીઓ પણ હવેથી આ કાર્ડ અંતર્ગત સરળતાથી મળવાપાત્ર બનશે તેમ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

અત્યંત જટીલ અને ખર્ચાળ સર્જરીઓનો લાભ આ વીમા સહાયની રકમ વધતા પરિવાજનોને સરળતાથી મળી શકશે. જેના પરિણામે આયુષ્માન કાર્ડ ધારક પરિવારોની આરોગ્ય સમૃદ્ધિમાં વધારો થશે.

બજાજ કંપનીના હોદ્દેદારો , આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે મળેલી બેઠકમાં આગામી બેંક ઈન્ટીગ્રેશન, રીયલ ટાઈમ ડેટા ટ્રેકીંગના મજબૂતીકરણ, એન્ટી ફ્રોડ એજન્સીની કામગીરીના સુદ્રઢીકરણ, હોસ્પિટલ સંચલાકો માટે નવીન **SOP** બનાવવી, **FAQ(Frequently Ask Questions)** તૈયાર કરવાના મુદ્દે વિગતવાર ચર્ચા હાથ ધરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં આયુષ્માન કાર્ડ અંતર્ગત હાલ ૨૦૨૭ સરકારી અને ૮૦૩ જેટલી ખાનગી તેમજ ૧૮ કેન્દ્ર સરકાર દ્વારા સંચાલિત આમ કુલ ૨૮૪૮ હોસ્પિટલ એમ્પેનલ છે. આ તમામ એમ્પેનલ હોસ્પિટલમાં કુલ મળીને ૨૪૭૧ જેટલી વિવિધ આરોગ્ય વિષયક પ્રોસીજર , સારવારનો લાભ આયુષ્માન કાર્ડ અંતર્ગત મળશે.

### સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની બાતમીના આધારે કાર્યવાહી

# વાપી નજીકથી કારમાંથી ૯૭ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડ્યો

## પોલીસે જથ્થો જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી જ્યારે એક શખ્સ પોલીસને ચકમો આપી ભાગી ગયો

વાપી

વાપીના ગીતાનગરમાં વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે કારમાંથી ૯૭ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. પોલીસે જથ્થો જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે એક શખ્સ પોલીસને ચકમો આપી ભાગી ગયો હતો. ફરાર આરોપી સામે અગાઉ ગાંજાના ત્રણ ગુના નોંધાયા હતા. ફરાર સહિત ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કરાયા છે. વલસાડ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે મળેલી બાતમીના આધારે વાપીના ગીતાનગરમાં બલેનો કાર (નં.એમએચ-૦૪-સીવી-૭૯૭૬) ને અટકાવી હતી. પોલીસે કાર અટકાવતા જ એક શખ્સ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. બાદમાં પોલીસે કાર ચાલકને પકડી પાડી કારમાં તપાસ કરતા પ્લાસ્ટિકના કોથળા ભરેલા મળી આવ્યા છે. કોથળામાં તપાસ કરતા સફેદ કલરના પાવડરના પેકેટો મળી આવ્યા હતા. બાદમાં પોલીસે એફએસએલની મદદથી હાથ ધરેલા પરિક્ષણમાં ગાંજો



હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ૯૭.૬૫૦ કિ.ગ્રામ ગાંજોનો જથ્થો અને કાર જપ્ત કરી કાર ચાલક વસીમ નજીર સૈયદ (ઉ.વ.૩૫, રહે.પાલઘર,મહારાષ્ટ્ર) ની ધરપકડ કરી હતી. પોલીસે કારમાંથી ફરાર શરીફ સલીમ શેખને વોન્ટેડ જાહેર કર્યો છે. વોન્ટેડ આરોપી સામે અગાઉ પણ ગાંજાબા ત્રણ ગુના નોંધાયા હતા. છેલ્લા લાંબા સમયથી ગાંજાની હેરાફેરીનું નેટવર્ક ચલાવે છે. કાર ચાલકની પૂછપરછમાં ગાંજાનો જથ્થો મહારાષ્ટ્રના પાલઘરથી રહેમાન શેખ અને સિદ્દિક શેખે ભરાવી વોન્ટેડ આરોપી સાથે જથ્થો લઈ વાપી આવવા નિકળ્યા હતા. શરીફ શેખે ચાલકને ટ્રીપ મારવા રૂ.૪ હજાર નક્કી કર્યા હતા. વાપી ટાઉન પોલીસે ગુનો નોંધી વોન્ટેડ આરોપીને પકડવા ચક્રોગતિમાન કર્યા છે. અત્રે નોંધનીય છે કે થોડા મહિના અગાઉ વાપીમાં નોંધાયેલા ગાંજાના ગુનામાં વોન્ટેડ આરોપી રહેમાન સલીમ શેખની સંડોવણી બહાર આવતા વોન્ટેડ જાહેર કર્યો હતો. આરોપીએ ધરપકડથી બચવા વકીલ મારફતે રજૂ કરેલી આગોતરા જામીન અરજી વાપી કોર્ટે હાલમાં જ નામંજૂર કરી હતી.

### બિલ્ડર લોબી સામે કાર્યવાહીના લાંબા સમયે સર્ચ ઓપરેશન

# રાજકોટમાં આઈટીની ૨૦ ટીમો દ્વારા ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી

રાજકોટ

રાજકોટમાં બિલ્ડર લોબી પર કાર્યવાહી કર્યાના લાંબા સમય બાદ આવકવેરા વિભાગે સર્ચ ઓપરેશ હાથ ધર્યુ હતું જેમા મોટા જ્વેલર્સને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. આવકવેરા વિભાગની ૨૦ ટીમો દ્વારા ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટમાં આજે આવકવેરા વિભાગ દ્વારા અનેક જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે જેમા જાણીતા રાધિકા જ્વેલર્સ અને શિલ્પા જ્વેલર્સને ત્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. આજે વહેલી સવારથી જ જુદી-જુદી ટુકડીઓ દ્વારા અલગ અલગ ૧૮થી વધુ સ્થળોએ કાર્યવાહી કરી હતી. જેમાં રાજકોટના પેલેસ રોડ, સોની બજારમાં આવેલા શોરુમ તેમજ અક્ષર માર્ગ-અમીન માર્ગ પર આવેલો શો રુમ પર આવકવેરા વિભાગે કાર્યવાહી કરી હતી. આજે રાજકોટમાં જ્વેલર્સને ત્યા અચાનક દરોડા પડતા સોની વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. રાધિકા જ્વેલર્સના માલિક પ્રભુદાસ પારેખના એટલાન્ટિસ ખાતે બી-ઉના પાંચમા માળે આવેલા ફ્લેટ ઉપર તેમજ પાંચમા મળે રહેતા હિરેન પારેખને ત્યાં પણ આવકવેરાના અધિકારીઓ પહોંચ્યા હતા. આ સિવાય એટલાન્ટિસમાં જ આઠમા માળે રહેતા ભાસ્કર પારેખને ત્યાં પણ તપાસ આદરી હતી. આ ઉપરાંત રાધિકા જ્વેલર્સવાળા અશોકભાઈ બાબરાવાળા અને હરેશ બાબરાવાળાને ત્યાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. એટલાન્ટિસના ફ્લેટની સાથે પંચવટી નજીક આવેલા ફ્લેટમાં પણ એક ઈક્વાયરી ચાલી રહી હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યુ હતું. આ સાથે રાધિકા જ્વેલર્સના કલકત્તા ખાતે આવેલા જ્વેલર્સમાં પણ તપાસ ચાલી રહી હોવાના સંકેત મળ્યા હતા. તપાસના અંતે મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવે તેવી શક્યતા છે.

## સાબરકાંઠામાં સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ

સાબરકાંઠા

રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે નદી-નાળા છલકાયા છે, ત્યારે સાબરમતી નદીમાં પાણીની આવક વધતાં બે કાંઠે થઈ છે. સપ્તેશ્વર મહાદેવ મંદિરની પાસે નદીનું પાણી પહોચ્યું છે. જેના પગલે દર્શનાર્થે આવતા ભક્તોમાં ખુશી જોવા મળી રહી છે. આ વર્ષે પહેલી વખત નદી બે કાંઠે થઈ છે. બીજી બાજુ, સાર્વત્રિક વરસાદથી જળાશયોમાં પાણીની સારી આવક થઈ છે. ગુજરાતના કુલ ૨૦૭ ડેમ પૈકી ૨૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કુલ ૨૦૭ ડેમમાં ૪૭.૪૧ ટકા પાણીનો જથ્થો છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya